# શ્રી મહાદેવ દેસાઈ સમાજસેવા પુરસ્કાર અંગે

18મી ઓક્ટોબર, 1920ના રોજ મહાત્મા ગાંધી દ્વારા, અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના થઈ. વિદ્યાપીઠનો મુખ્ય ઉદ્દેશ રાષ્ટ્રીય શિક્ષણનો પ્રચાર-પ્રસાર કરવાનો છે. ગામડામાં રાષ્ટ્રપોષક કેળવણીનો પ્રસાર કરવો અને કેળવણીનો ક્રમ ઘડવામાં ગ્રામવાસીઓની હાજતોને પ્રધાનપદ આપવું - આ બે બાબતો ગૂજરાત વિદ્યાપીઠના ધ્યેયોમાં ખાસ સ્વીકારવામાં આવી છે. આમ વિદ્યાપીઠના સ્થાપનાકાળથી જ તેના શિક્ષણમાં ગ્રામસેવા-સમાજસેવાની વાતને અગ્રતા આપવામાં આવી.

15મી ઑગસ્ટ, 1942ના રોજ મહાન દેશસેવક શ્રી મહાદેવ દેસાઈનું આગાખાન મહેલમાં અવસાન થતાં, ગુજરાતમાં ‘શ્રી મહાદેવ દેસાઈ સ્મારક ટ્રસ્ટ'ની રચના કરવામાં આવી હતી. શ્રી મહાદેવ દેસાઈ સરીખા સમર્પિત સેવકો તૈયાર કરવાના આશયથી, આ ટ્રસ્ટની આર્થિક સહાયથી તા. 28.06.1947ના રોજ ગૂજરાત વિદ્યાપીઠમાં ‘શ્રી મહાદેવ દેસાઇ સમાજસેવા મહાવિદ્યાલય’નો પ્રારંભ કરવામાં આવ્યો. આ મહાવિદ્યાલયનો મુખ્ય ઉદ્દેશ જ શિક્ષણ મારફતે સમાજસેવકો તૈયાર કરવાનો હોવાથી, તેના અભ્યાસક્રમોમાં સમાજસેવાનું ચિંતન કેન્દ્રસ્થાને રહ્યું.,

આ મહાવિદ્યાલયના સ્નાતકો દ્વારા સ્થાપિત અનેક ગ્રામસેવા સંસ્થાઓ આજે ગુજરાતમાં કાર્યરત છે, જેના થકી ગુજરાતના ગ્રામ્યસમાજની ઉત્તમ સેવા થઈ રહી છે. દલિતો, આદિવાસીઓ અને મહિલાઓને આ સંસ્થાઓ દ્વારા ઘરઆંગણે શિક્ષણની સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકી છે. વળી મહાવિદ્યાલયના કેટલાય સ્નાતકો સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓમાં જોડાઈને આજે સમાજસેવાનાં કાર્યો કરી રહ્યા છે. આમ આ મહાવિદ્યાલયના સ્નાતકો દ્વારા ગુજરાતમાં ગ્રામસેવા-સમાજસેવાનાં ઉલ્લેખનીય કાર્યો થયાં છે.

ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતકો દ્વારા થયેલાં ગ્રામસેવાના આ કાર્યોને બિરદાવી, સ્નાતકોને પ્રોત્સાહિત કરવાના આશયથી ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા 1998થી ‘શ્રી મહાદેવ દેસાઈ સ્નાતક ગ્રામસેવા પુરસ્કાર' યોજનાનો પ્રારંભ, ગૂજરાત વિદ્યાપીઠના જ એક સ્નાતક અને સ્વાતંત્ર્યસેનાની એવા શ્રી વિષ્ણુભાઈ અમીનની આર્થિક સહાયથી કરવામાં આવ્યો.

આજે તો 'શ્રી મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય’ ઉપરાંત અન્ય નવાં મહાવિદ્યાલયો ગૂજરાત વિદ્યાપીઠમાં કાર્યરત છે, જેમાં સ્નાતક કક્ષાથી માંડીને વિદ્યાવાચસ્પતિ સુધીના વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સમાજસેવાની તાલીમ મેળવે છે. ગૂજરાત વિદ્યાપીઠનાં વિભિન્ન મહાવિદ્યાલયોના પદવીધારીઓને આવરી લેવાના ઉદ્દેશથી વર્ષ 2002થી આ પુરસ્કારનું ક્ષેત્ર વ્યાપક કરવામાં આવ્યું છે, જેથી વર્ષ 2002થી આ પુરસ્કાર “શ્રી મહાદેવ દેસાઈ સમાજસેવા પુરસ્કાર' તરીકે ઓળખાય છે.

વર્ષ 1998 થી 2026 દરમ્યાન ગૂજરાત વિદ્યાપીઠના કુલ 29 પદવીધારીઓને આ પુરસ્કાર અર્પણ થયો છે. પુરસ્કૃત પદવીધારીને એક ઓળખ, પ્રોત્સાહન અને નવી ચાલના પ્રદાન કરવામાં આ પુરસ્કારનું યોગદાન રહ્યું છે.

**પુરસ્કારના સંદર્ભમાં વ્યક્તિ-પસંદગી કરવામાં નિમ્નલિખિત બાબતો ધ્યાનમાં લેવામાં આવશે** :

1. વ્યક્તિની સમાજસેવાની પ્રવૃત્તિઓ અને તેને આનુષંગિક અન્ય પ્રવૃત્તિઓને કારણે જે તે વિસ્તારમાં થયેલી અસરો.
2. વ્યક્તિની સમાજસેવાની પ્રવૃત્તિઓને કારણે જે તે વિસ્તારમાં સ્વનિર્ભરતા અને સ્વાવલંબનનો થયેલો વિકાસ.
3. સ્થાનિક સંસાધનોનો ઉપયોગ તથા સામાજિક-આર્થિક સમાનતા તરફની પ્રગતિ.

# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

## શ્રી મહાદેવ દેસાઈ સમાજસેવા પુરસ્કાર : નિયમો

1) ગૂજરાત વિદ્યાપીઠનાં વિવિધ સંકુલો અથવા ગ્રામસેવા સંકુલોમાં ઓછામાં ઓછો બે વર્ષનો નિયમિત અભ્યાસક્રમ પૂર્ણ કરનાર પદવીધારી આ પુરસ્કારને સારુ યોગ્ય ગણાશે.

2) જે પદવીધારીઓએ ઓછાંમાં ઓછાં પંદર વર્ષ સુધી, ગાંધીજીએ સ્થાપેલી સમાજસેવાની વિશિષ્ટ પરંપરા મુજબ, મુખ્યત્વે શિક્ષણ કે લોકશિક્ષણ મારફતે નીચે જણાવેલાં કોઈ પણ ક્ષેત્રમાં સમાજસેવાનાં કાર્યો કર્યા હોય અને પ્રવર્તમાન સમયમાં કરી રહ્યા હોય (નીવડેલા પદવીધારીને આ લાગુ પડશે નહીં) તેવા પદવીધારીઓ જ આ પુરસ્કારને યોગ્ય ગણાશે. ગ્રામવિસ્તારમાં આવાં સેવાકાર્યો કરનારા પદવીધારીઓને પુરસ્કાર પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે (શહેરી વિસ્તારમાં કાર્યો કરનારા યોગ્ય પદવીધારીઓ અંગે પણ આ સંદર્ભે સંતુલિત વિચારણા કરવામાં આવશે).

| ક્રમ | વિગત | ક્રમ | વિગત | ક્રમ | વિગત |
|---|---|---|---|---|---|
| ૧ | આરોગ્ય અને ગ્રામસફાઈ | ૮ | રક્તપિત્ત-નિર્મૂલન | ૧૫ | કિસાન ઉત્કર્ષ |
| ૨ | ખાદી અને ગામોદ્યોગો | ૯ | મહિલા શિક્ષણ-જાગરણ | ૧૬ | મજૂર ઉત્કર્ષ |
| ૩ | ગોસંવર્ધન અને પશુ સુધારણા | ૧૦ | રાષ્ટ્રભાષા અને માતૃભાષા પસાર | ૧૭ | નઈ તાલીમનો પ્રસાર |
| ૪ | નિસર્ગોપચાર | ૧૧ | નિરક્ષરતાનિવારણ | ૧૮ | કોમી એકતા |
| ૫ | નશાબંધી | ૧૨ | ખેતીસુધારણા | ૧૯ | પ્રાકૃતિક સંસાધનોનો સંપોષિત વિકાસ |
| ૬ | અસ્પૃશ્યતાનાબૂદી | ૧૩ | પર્યાવરણસુરક્ષા | ૨૦ | વિજ્ઞાન અને ટેક્નોલોજી |
| ૭ | આદિવાસી-કલ્યાણ | ૧૪ | ઊર્જાબચાવ | ૨૧ | ઉપરોક્ત પ્રવૃત્તિઓને આનુષંગિક સમાજસેવાની અન્ય પ્રવૃત્તિઓ |

3) આ પુરસ્કાર દર વર્ષે એક પદવીધારીને આપવામાં આવે છે.

4) પુરસ્કાર સારુ પસંદગી પામેલા પદવીધારીને પુરસ્કાર પેટે રૂ. 51,000/-, સ્મૃતિચિહ્ન તથા

સન્માનપત્ર અર્પણ કરવામાં આવે છે.

5) સરકારી પદાધિકારીઓની આ પુરસ્કાર સારુ પસંદગી થઈ શકશે નહીં. સરકારી સહાય લેતી સંસ્થાઓમાં કાર્ય કરતા તથા સ્વતંત્રપણે સેવાકાર્ય કરતાં પદવીધારીઓ પૈકી પગારદાર ન હોય તેવા પદવીધારીને પુરસ્કારની પસંદગીમાં અગ્રતા આપવામાં આવે છે..

6) અગાઉ આ પરસ્કાર મેળવ્યો હોય તેવા પદવીધારીઓને ફરીથી આ પુરસ્કારને માટે યોગ્ય ગણવામાં આવશે નહીં.

7) પુરસ્કાર માટે પદવીધારી પોતે ઉમેદવારી નોંધાવી શકશે નહીં.

8) આ પુરસ્કાર કોઈ સંસ્થાને આપવામાં આવશે નહી.

9) પુરસ્કાર સારુ પદવીધારીની પસંદગી માટેની પ્રક્રિયા :!

1. પુરસ્કાર નામાંકન સમિતિ પુરસ્કાર માટે પદવીધારીઓનાં નામો સૂચવશે.
2. નામાંકન સમિતિ તરકથી આવેલાં નામો પૈકી વધુમાં વધુ 5 નામોની પસંદગી પુરસ્કાર પસંદગી સમિતિ કરશે.
3. પુરસ્કાર પસંદગી સમિતિ પુરસ્કાર મૂલ્યાંકન સમિતિની રચના કરીને, પસંદ કરેલા (વધુમાં વધુ છ) પદવીધારીઓનાં કાર્યમૂલ્યાંકન માટે તેને મોકલશે.
4. પુરસ્કાર મૂલ્યાંકન સમિતિ પદવીધારીઓની કામગીરીનું મૂલ્યાંકન કરીને પુરસ્કાર પસંદગી સમિતિને પોતાનો અહેવાલ રજૂ કરશે.
5. પુરસ્કાર મૂલ્યાંકન સમિતિના અહેવાલને આધારે પુરસ્કાર પસંદગી સમિતિ પુરસ્કાર માટે પદવીધારીનું નામ નક્કી કરશે.

10) પુરસ્કાર પસંદગી સમિતિને સૂચિત પદવીધારીઓમાંથી જો કોઈ પણ પદવીધારી પુરસ્કારને યોગ્ય નહીં જણાય તો તે વર્ષે પુરસ્કાર આપવામાં આવશે નહીં.

11) પુરસ્કાર પસંદગી સમિતિનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે.

ધન્યવાદ.

તારીખ : 25.09.2026